મારી તંદુરસ્તી અને આત્મબળ મજબૂત થવાનું કારણ પ્રાણાયામ

ગાંધીનગર, તા.૨૬

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના પ્રદેશ કક્ષાના સિનિયર નેતા કેશુભાઈ પટેલ તેમના ભૂતકાળના સંસ્મરણોમાં પરોવાઈ ગયા છે. તેઓ માને છે કે આજના યુવાનોએ યોગ અને પ્રાણાયામ કરવા જોઈએ, તેના દ્વારા આત્મબળ અને તંદુરસ્તી મજબૂત બને છે. આ મારો વર્ષોનો અનુભવ કહે છે.

એક સમય એવો હતો કે મને પગમાં તકલીફ હતી. ચાલી પણ શકતો ન હતો. મેં મારી શારિરીક તાકાત યોગ અને પ્રાણાયામથી મજબૂત બનાવી છે. કેશુભાઈએ કહ્યું હતું કે હું સોમનાથનો ભક્ત છું. મને દાદા પાસેથી આધ્યાત્મિકતાની ઉત્તમ પ્રેરણા મળી છે.



મારી લડાઈ અહંકાર કે ઈર્ષાની નથી, મારે ચીફ મિનિસ્ટર પણ થવું નથી,પાર્ટી અને પ્રજાએ મને ઘણું આપ્યું છે:કેશુભાઈ પટેલ

મેં હાઈકમાન્ડના નેતાઓને કહી દીધું છે કે હું વિરોધ કરતો રહીશ, વિનંતી કરતો નથી

કેશુભાઈ પટેલ સાથે થયેલી ચર્ચાના કેટલાક અંશો આ પ્રમાણે છે:

- ગુજરાતમાં કોંગ્રેસના પાયા મજબૂત હતા ત્યારે અમે સહિયારા પ્રયાસોથી ૧૯૯૫માં પ્રથમવાર ભાજપને ગુજરાતની ગાદી અપાવી હતી. આજે ૨૭ વર્ષથી કોંગ્રેસ ગુજરાતમાં સત્તામાં નથી.
- મારી સરકાર પ્રેમની સરકાર હતી. આ સરકારમાં મેં પ્રજાલક્ષી નિર્ણયો લઈને લોકોના દિલ જીતી લીધાં હતા. આજે પણ મારી તાકાત એવી જ અકબંધ છે.
- મેંહાઈકમાન્ડને કહ્યુંછે કે નરેન્દ્રભાઈને તમે અહીંથી લઈ જઈને પ્રાઈમ મિનિસ્ટર બનાવો, પાર્ટીને વિજય અપાવવાની જવાબદારી મારી છે.
- હું ફરીથી પાર્ટીને સત્તામાં લાવી શકું છે, પણ અફસોસ મારી આ વાત માનવા એકપણ રાષ્ટ્રીય નેતા તૈયાર નથી.
- ગુજરાતની પ્રજાને ભય જોઈતો નથી. પ્રેમ આપો તો તમને દીલ આપી શકે છે. દિલથી લોકોને જીતવા પડે.
- ૨૦૦૧માં ગાદી છોડ્યા પછી નરેન્દ્રભાઈ સત્તામાં આવ્યા છે. ૧૦ વર્ષમાં ત્રણ થી ચાર પ્રસંગોએ તેમની સાથે ચર્ચા થઈ છે.
- એક વખત મેં તેમને સામેથી ખિચડી ખાવાનું આમંત્રણ આપ્યું હતું, મેં કહ્યું હતું કે મારી પત્નિ સારી ખિચડી બનાવે છે તમે આવો, તેઓ આવ્યા અને ખિચડી ખાધી.
- શાસનના શરૂઆતના સમયમાં મેં તેમને કહ્યું કે તમારે ત્યાં મહારાજ રસોઈ બનાવે છે. અહીં તમને ઘરનું ભોજન મળશે પરંતું ફરીથી તેઓ ભોજન લેવા મારા ઘરે આવ્યા નથી.
- મારી જીંદગીમાં સૌથી મોટો દુઃખદ પ્રસંગ મારી પત્નિનું નિધન છે. તેમના વગર હું ઘરમાં એકલો છું.
- રાજકીય વાતાવરણ વચ્ચે ચાલવાનું બંધ થયું છે પણ પ્રાણાયામ છોડ્યાં નથી, કારણ કે આ એક અપ્રતિમ શક્તિ છે.
- મારી લડાઈ અહંકાર કે ઈર્ષાની નથી, કારણ કે મને પદ લાલસા નથી. મારે ફરીથી ચીફ મિનિસ્ટર થવું નથી, કે સરકારમાં કોઈ હોદ્દો જોઈતો નથી.
- ભાજપમાં ઉમા ભારતી, મદનલાલ ખુરાના અને કલ્યાણસિંહ પાછા આવવાનું કારણ પદનો મોહ હતો, મારે તેવો મોહ નથી.
- રાજ્યમાંથી ગૂમ થયેલા બાળકોના વાલીઓ તરફથી મને ફોન આવ્યો હતો. મેં તેમને કહ્યું હતું કે હું તમને મદદ કરવા તૈયાર છું.
- ગુજરાતમાં વિકાસના કામો ૧૯૯૫માં અને ૧૯૯૮માં પણ ઘણાં થયા છે. સરકારી ચોપડે પણ તે મોજૂદ છે. હું માનું છું કે રાજ્યનો સર્વાંગી વિકાસ થવો જોઈએ.
- ૮મી જુલાઈના રોજ અમદાવાદના ટાઉનહોલમાં એક સંમેલન રાખ્યું છે જેમાં અનેક વિષયો ઉપર ચર્ચા થવાની છે. એક વિષય વ્યવસ્થા પરિવર્તનનો પણ છે. આ સંમેલનમાં હું વક્તવ્ય આપવાનો છું.
- સોશ્યલ સાઈટના માધ્યમથી પ્રજાના દિલ વચ્ચે જવાનું નક્કી કર્યું છે. ટ્વિટર, બ્લોગ અને ફેસબુક એકાઉન્ટથી લોકો સાથેનો સંવાદ વધારે મજબૂત બને છે.

● અનુસંધાન પાન-૭ પર

વાદળછાયા વાતાવરણ વચ્ચે ઠંડો પવન ફૂંકાયો

(તસવીર : દિપક જાની)

વાદળછાયા વાતાવરણ વચ્ચે આજે શહેરમાં તાપમાન સમાન્ય રહ્યું હતું. સાંજે ઠંડો પવન ફુંકાતા વસાહતીઓએ રાહત અનુભવી હતી. વસાહતીઓ વરસાદની કાગડોળે રાહ જોઈ રહ્યા છે. વરસાદી વાતાવરણ છવાય છે પરંતુ વરસાદ ન પડતા વસાહતીઓ હવે કંટાળ્યા છે. આજે સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૮ ટકા રહેતા બફારો અનુભવાયો હતો. જોકે તાપમાન ૩૮.૮ ડિગ્રી રહેતા ગરમીથી થોડીક રાહત મળી હતી. સાંજે દક્ષિણ-પૂર્વ દિશામાંથી કાળા વાદળો ઘેરાઈ આવ્યા હતા અને વરસાદી વાતાવરણ છવાયું હતું. ઠંડો પવન પણ ફૂંકાવાનો શરૂ થતા વસાહતીઓ ટુંક સમયમાં મુશળધાર વરસાદ થાય તેની રાહ જોઈને બેઠા છે. ખેડૂતો પણ વાવણી લાયક વરસાદની રાહ જોઈ રહ્યા છે.

ખૂણે ખાંચરેથી

● ગાંધીનગર જિલ્લા પુરવઠા અધિકારીની જગ્યા જે ચાર્જમાં ચાલતી હતી તેના પર નિયમિત નિમણુંક થતાં આજે શ્રીમતિ નિનામાએ ચાર્જ સંભાળી લીધો છે. ● ચૂંટણી પંચે આજે મતદારયાદી સુધારણા ઝુંબેશ અંગે રાજકીય પક્ષો સાથે બેઠક ગાંધીનગરમાં યોજી હતી. ● રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષે આજે જિલ્લાનું સંમેલન યોજાયું હતું. ● ગાંધીનગર શહેરમાં સે. ૬ની ગંદકી અને ઝુંપડપટ્ટી સામે હવે વસાહત મંડળ જાગૃત્તિ અભિયાન છેડશે. ● ગાંધીનગર શહેરમાં કોંગ્રેસ પક્ષ લોક દરબારના કાર્યક્રમોનું આયોજન કરી રહેલ છે.

મનપા વિસ્તારમાં આરોગ્ય અને સ્વચ્છતા વિષયક કેસો માટે મોબાઈલ કોર્ટ

સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં આ અંગે ખાસ દરખાસ્ત લાવવામાં આવશે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરમાં આરોગ્ય અને સ્વચ્છતા અંગેની મોબાઈલ કોર્ટ શરૂ કરવા માટે આગામી સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં પ્રસ્તાવ પસાર કરી સરકારમાં મંજૂરી માટે મોકલવામાં આવશે.

અમદાવાદ બાદ ગાંધીનગર રાજયનું બીજું શહેર બનશે જયાં આરોગ્ય અને સ્વચ્છતા અંગે મોબાઈલ કોર્ટ શરૂ કરવામાં આવશે. અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા આવી દરખાસ્ત સરકારમાં રજુ થઈ ચુકી છે અને તેને મંજૂરી પણ આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો મુજબ આ મોબાઈલ કોર્ટ ગાંધીનગર મહાનગરપાલિકાના ૩૧ કિ.મી.ના વિસ્તારમાં સતત ફરતી રહેશે એટલુંજ નહિ મોબાઈલ કોર્ટ સાથે એક પ્રિઝનર વાન પણ રહેશે.

ગાંધીનગર શહેરમાં સ્વચ્છતા અંગે લોકોમાં જાગૃતિ આવે તેમજ ગંદકી ફેલાવતા અટકે એ માટે આ કોર્ટ શરૂ કરવામાં આવનાર છે. મળતી વિગતો મુજબ આ કોર્ટ રૂ. ૧૦૦થી લઈ રૂ. ૨૦૦૦ સુધીનો દંડ ફટકારી અને સ્થળ પર જ તેની વસુલાત કરશે.

આ મોબાઈલ કોર્ટમાં ફુડ એક્ટને લગતા કેસો પણ ચલાવવામાં આવશે તેવી જોગવાઈ કરવામાં આવનાર છે.

સ્ટેન્ડીંગ કમિટીના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ સ્વચ્છતા અંગે લોક જાગૃતિની સાથે સાથે તંત્રની સંવેદનામાં પણ ઉમેરો થશે. આ કોર્ટમાં ફરિયાદોના ઝડપી ઉકેલનો હેતુ પણ સમાયેલો છે. દંડ ન ભરનાર વ્યક્તિને જેલમાં પણ મોકલવાની સત્તા આપવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

પાટનગર ભવનની લોબીમાં આડશ સમાન જૂનું ફર્નિચર આખરે દૂર કરાયું

ગાંધીનગર, તા. ૨૬

પાટનગર યોજના ભવનમાં સ્થિત વિવિધ કચેરીઓને કોર્પોરેટ લૂક અપ્યા બાદ લોબીમાં ખડકાયેલા જૂના ફર્નિચરનો ઢગ આખરે અન્યત્ર ખસેડવા તંત્ર કામે લાગ્યું છે.

ગત વર્ષ દરમિયાન પાટનગર યોજના ભવનમાં સ્થિત વિવિધ ડીવીઝનની કચેરીને કોર્પોરેટ લૂક આપવા મોડ્યુલર ફર્નિચરની કામગીરી હાથ ધરવામાં આવી હતી. લાખોના ખર્ચે વિભાગની કચેરીઓને ન્યૂ લૂક આપવા ફર્નિચરથી સજ્જ કરવામાં આવી હતી. જ્યારે આ કામગીરીના બંને ઓફિસનું જૂનું

● અનુસંધાન પાન-૭ પર

રાજ્યભરમાં વરસાદી આપત્તિથી ૨૩ના મોત

અમદાવાદ, તા.૨૬

ગુજરાતમાં હજુ ચોમાસુ બરાબર જામ્યું નથી તો પણ રાજ્યમાં તા.૧૫ જુનથી આજ સુધીમાં વરસાદને સંબંધીત આપત્તીથી ૨૩ લોકોના મૃત્યુ થયા હોવાની વિગતો બહાર આવી છે. જેમાંથી ૨૦ના મૃત્યુ વિજળી પડવાથી અને ત્રણના મૃત્યુ વૃક્ષ પડવાથી થયા છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આ ૨૩ લોકોના જે મૃત્યુ થયા છે તે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં થયા છે. સૌથી વધુ રાજકોટ જિલ્લામાં ૧૦ નાગરીકોના મૃત્યુ થયા છે. ત્યારબાદ જામનગરમાં ચારના મૃત્યુ અને વડોદરા, સુરત તથા ભરૂચમાં બે-બેના મૃત્યુ થયા છે. જ્યારે ખેડા, નવસારી અને તાપી જિલ્લામાં એક-એક વ્યક્તિનું મૃત્યુ થયું છે.

નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૨૮-૬-૧૨, સોમવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. સેક્ટર-૭ડી S/S

સહી/-
ટોરેન્ટ પાવર લિમિટેડ

ગાંધીનગરમાં વધતા આત્મહત્યાના બનાવો ભારે ચિંતા જન્માવે છે

સ્ટ્રેસ અનુભવતો માણસ સતત અપસેટ થવાની ઉતાવળમાં વેલ એજ્યુકેટ સોસાયટીએ 'અવેર' થવાની અનિવાર્યતા

ગાંધીનગર, તા. ૨૫

ભૌતિકવાદથી ખદબદતા આજના આધુનિક યુગમાં સતત સ્ટ્રેસ અનુભવતો માણસ અપસેટ થવાની ઉતાવળમાં જ હોય છે. તણાવયુક્ત જીવનશૈલી અને મહત્વકાંક્ષા સંતોષવાની ઘેલછામાં જીવનનું વાસ્તવિક મૂલ્ય સમજ્યા વગર પલવારમાં જ હતાશાનો આવેશ વ્યક્તિના જીવનનો અંત આણી દે છે. રાજયના પાટનગરમાં છેલ્લા કેટલાક સમયથી પ્રકાશમાં આવતા આત્મહત્યાના કિસ્સાઓ આજના શિક્ષિત સમાજ માટે લાલબત્તી સમાન પુરવાર થયા છે. શિક્ષિત શહેરની આગવી ઓળખ ધરાવતા ગાંધીનગરમાં ધમધમતી અનેકવિધ શિક્ષણસંસ્થાઓ, શિક્ષણ વિશેની મોજુદગી તો છે. તે ઉપરાંત રાજ્યના વહીવટકર્તા દોરી સંચાર કરતા અમલદારો સહિતની બુદ્ધિશાળી પ્રશિક્ષાઓ અને જનસંખ્યા ધરાવતા આ નગરમાં શિક્ષિત સમાજને ચિંતા જન્માવે તેવી અનેક ઘટનાઓ રોજબરોજ અખબારોની સુરખી બને છે. જેમાં છેલ્લા કેટલાક વખતથી શિક્ષિત નગરીમાં આત્મહત્યાના બનાવો વધતા બુદ્ધિજીવીઓમાં ઘેરી ચિંતા પ્રવર્તી છે. આત્મહત્યાનું વધુ પ્રમાણ તે તંદુરસ્ત સમાજની નિશાન નથી ત્યારે ડગલે ને પગલે અપસેટ થતા આજના માનવજીવનને જીવન ટુંકાવવાની હોડમાં આવતા અટકાવવા હાઈપ્રોફાઈલ સોસાયટી દંભ અને છોછમાંથી બહાર નીકળી આ મામલે સમાજજાગૃતિ કેળવવા દીશાસૂચક કેડી કંડારે તે બાબત આજની યુવાપેઢી માટે પણ અત્યંત અનિવાર્ય બની છે.

સમયસર

આત્મહત્યાના વધતા બનાવો પાછળ મનોચિકિત્સક દ્વારા રજૂ થતા તારણો અને કારણોના નિવારણ માટે મૂળ સુધી પહોંચવા સભ્ય સમાજે જાગૃત થવાનો સમય પાકી ગયો છે. જીવનને હકારાત્મક અને વાસ્તવિકરૂપે અપનાવવાના બદલે નજીવા કારણોસર હતાશાની ખાઈમાં ધકેલાતી આજની યુવાપેઢીનો હાથ થામવા સભ્ય સમાજે હવે 'લીપ સિમ્ફથી' જતાવવાના બદલે તંદુરસ્ત સમાજની રચના માટે વાસ્તવિકરૂપે જાગૃત થવાની તાતિ અનિવાર્યતા ઉભી થઈ છે. આજે પણ શહેરમાં આત્મહત્યાના બે બનાવો પ્રકાશમાં આવતા આ મામલો 'વેલ એજ્યુકેટ' સોસાયટી માટે એક 'દસ્તક' સમાન બની ગયો છે.

શહેરમાં પાણી-ગટરનું તંત્ર ફરી એકવાર ચાર્જમાં કાર્ય કરશે

કાર્યપાલક ઈજનેર આર.સી. પટેલ ૩૦ જૂને નિવૃત્ત થતા જગ્યા ખાલી પડશે

ગાંધીનગર, તા. ૨૬

પાટનગર યોજના ભવનમાં પાણી ગટરનું તંત્ર ફરી એકવાર ચાર્જમાં કાર્યરત રહે તેવી સંભાવના છે. ડીવીઝન ત્રણના કાર્યપાલક ઈજનેર આગામી તા. ૩૦ જૂનના રોજ નિવૃત્ત થતા માત્ર ૮ મહિનાના ટુંકા ગાળામાં આ જગ્યા ફરી ખાલી પડશે.

પાટનગર યોજના ભવનમાં પાણી ગટરની પાયાની સેવાઓ પુરી પાડતા ડીવીઝન ત્રણમાં કાર્યપાલક ઈજનેરનો કાર્યભાર સંભાળતા આર.સી. પટેલ આગામી તા. ૩૦ જૂનના રોજ નિવૃત્ત થવાના હોવાથી આ જગ્યા ફરી એકવાર ચાર્જમાં કાર્યરત રહેશે. અગાઉ પણ પી.પી. શાહ નિવૃત્ત થયા બાદ ત્રણ મહિના સુધી ચાર્જમાં રહેલી આ જગ્યાએ આર.સી. પટેલને નિમણૂંક આપવામાં આવી હતી. ગત તા. ૨૪ ઓક્ટોબરના રોજ અમદાવાદ ખાતે નેશનલ હાઈવે વિભાગમાં ડી.ઈ. તરીકે કાર્યભાર સંભાળતા આર.સી. પટેલને બદલીના અંતે શહેરના વોટર અને ડ્રેનેજ વિભાગની જવાબદારી સોંપવામાં આવી હતી.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

ટૂંક સમયમાં
૧૨, જુલાઈ-૨૦૧૨થી ઉત્તર ગુજરાતમાં આરંભાય છે

માનવ અધિકાર લીગલ સર્વીસ (માનદ)ના કાર્યક્ષેત્ર અંગે ઝોનલ ઓફિસ - (A) ગાંધીનગર (જનરલ) (B) હિંમતનગર (ટ્રાયબલ)ના ઓફિસ કમ રહેણાંક અંગે પાર્કીંગ સહિતના ૨-બંગલાઓ ભાડે અથવા વેચાણ (રૂ. ૧૫૦૦૦ માસિક ભાડા / વેચાણ રૂ. ૯૫ લાખ)

આ જાહેરાત પ્રસિદ્ધ થતાં દિ-૧૦માં સંપૂર્ણ વિગતો મોકલવી.

ખાસ નોંધ : ગુજરાત હાઈકોર્ટ અને સેશન્સ કોર્ટમાં સિનિયર દ્વારા તૈયાર કરેલ મેટરમાં હાજર રહી સરકારી વકીલ જેમ ઊંચી ફીના ધોરણે વકીલોની જરૂરિયાત છે. મહિલા વકીલોને અગ્રતા અપાશે.

સીતારામભાઈ એમ. પટેલ
સામાજીક કાર્યકર તથા વ્યવસ્થાપક (મા.અ.લી.સ. માનદ)
સેક્ટર-૨૮, બ્લોક નં. ૯૬/૨, ચ-ટાઈપ, ગાંધીનગર

એ. એમ. છોરીયા (મેનન)
LL.M. Ph.D.
Ex-HRWA-કાશ્મીર
સુપ્રીમ કોર્ટ, ન્યૂ દિલ્હી
કા. રેસ-૧, H/M બંગલો
સાતસંમા, પાલનપુર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

SANGHI CEMENT · KisaN · BENELAVE · FIXIT · TMT BARS - ISI · TATA STEEL • PIPES • SHEETS · SANGHI STEEL - ISI · ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા: સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

જિલ્લામાં ૭૮ કાઉન્ટર્સ, બિલ્ડર્સ અને એન્જિનિયરનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ

દેશ કી શાન કામધેનુ TMT સ્ટીલ
FE 415 / 500 - ઈન્ટરનેશનલ ક્વૉલીટી
અલ્ટ્રાટેક સિમેન્ટ
સ્ટોકિસ્ટ
Build the trust
Since 1983
કૈલાસ ટ્રેડર્સ
Steel Tiger (લોદરા વાળા)
૯૩૩/૨, સેક્ટર : ૩/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૭૩૮૯ / ૬૫૭૨૩૮૦૧ મો. ૯૮૨૫૬ ૪૭૮૭૮ / ૯૮૯૮૦ ૬૧૮૪૫ / ૯૯૯૮૪ ૭૩૨૦૦

ગોડાઉન
સ્ટીલ સ્ટેશન
ખ-૨ ચોકડી
સેક્ટર-૪સી કોર્નર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com